૩૭.૫૦ કરોડના ખર્ચે બનેલા છ માળના ભવનનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે

વલસાડ જિ.પં.ના નવા ભવનનું લોકાર્પણ

અલગ અલગ કચેરીઓના ધક્કા ખાવામાંથી નાગરિકોને મુક્તિ મળશે



વલસાડ : રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રૂપિયા ૩૭.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત વલસાડ જિલ્લા પંચાયતના આધુનિક અને સુવિધા સભર ભવનનું લોકાર્પણ તા. ૩ નવેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

આ પ્રસંગે રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, મંત્રી ઋષિકેશ પટેલ, મંત્રી નરેશ પટેલ અને મંત્રી સંજયસિંહ મહિડા, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલ, સાંસદ ધવલ પટેલ તેમજ ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

દિવાળી પૂર્વે ગ્રાઉન્ડ + પાંચ એટલે કે છ માળના આધુનિક જિલ્લા પંચાયત ભવનની નાગરિકોને ભેટ મળવાથી નાગરિકોને સરકારી કામકાજ માટે અલગ-અલગ કચેરીઓના ધક્કા ખાવાની મુશ્કેલી ઘટશે. આ ભવનની સૌથી મોટી વિશેષતા એ છે કે, જિલ્લા કક્ષાની વિવિધ પંચાયત કચેરીઓને એક જ સંકુલમાં કાર્યરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.







જિલ્લા પંચાયતના નવા ભવનમાં શું શું સુવિધા હશે?

- મુખ્ય રિસેપ્શન એરિયા
- મેઈન લોબી વેઇટિંગ એરિયા
- VIP એન્ટ્રન્સની સુવિધા
- આધુનિક લિફ્ટ્સ, કચેરી
- મહિલાઓ માટે અલગ ટોયલેટ બનાવાશે
- ગ્રીન એરિયા અને દિવ્યાંગજનો માટે સુવિધા
- ૫૦ થી વધુ વાહનો માટે ગ્રાઉન્ડ લેવલ પાર્કિંગ
- VIP મુલાકાતીઓ માટે અલગ પાર્કિંગની વ્યવસ્થા
- બેઝમેન્ટ અને ટેરેસ ગાર્ડનનો વિકાસ કરાશે
- બગીચા અને લેન્ડસ્કેપ વ્યવસ્થા, સુરક્ષા
- ઇલેક્ટ્રિક સબ-સ્ટેશન
- ફાયર સેફ્ટી નેટવર્ક







અજરાઇ પાસે મોપેડ સ્લીપ થતા ચાલકનું મોત

બીલીમોરા : ગણદેવીથી અમલસાડ જતી વખતે અજરાઇ પાસે મોપેડ સ્લીપ થતા સારવાર દરમિયાન ચાલકનું કરુણ મોત નીપજ્યું હતું. વિશાલ દિનેશભાઈ હળપતિ (ઉ.૩૩ રહે કુળદેવી માતા મંદિર ફળિયા, અજરાઈ) હોન્ડા એકટીવા નંબર (જીજે.૨૧. ડીએચ.૧૭૨૬) લઈને ગઇ ૮/૧૦/૨૦૨૬ એ ગણદેવીથી અમલસાડ જઈ રહ્યા હતા તે દરમિયાન અજરાઈ ગામ પાનમોરા ફળિયા પાસે તેમની મોપેડ સ્લીપ થઈ ગઈ હતી. તેમને પહોંચેલી ગંભીર ઇજાઓને કારણે સુરત સિવિલ ખાતે વિશાલ હળપતિને સારવાર માટે લઈ જવાયો હતો. જેનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. ગણદેવી પોલીસ વધુ તપાસ કરી રહી છે.

સંક્ષિપ્ત સમાચાર

પારડીમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની રેલી



અમૃત પટેલ

પારડી : સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય એકતા દિવસ ૩૧મી ઓક્ટોબર "એકતા રેલી" પારડી ચાર રસ્તાથી સરદાર પટેલ ઉદ્યાન સુધી યોજવામાં આવી હતી અને સરદાર પટેલ પ્રતિમા પાસે પુષ્પાંજલિ અર્પણ કરી એકતા પરેડનું સ્ટેચ્યુ ઓફ યુનિટીથી જીવંત પ્રસારણ તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ઉદ્બોધનના પ્રસારણનું સમૂહ નિદર્શન કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. તેમજ સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ સફાઇ કામગીરી કરતાં કર્મચારીઓની પસંદગી કરીને તેઓને માસિક ધોરણે એવાર્ડ તથા શ્રેષ્ઠ કર્મચારીઓને નાણાકીય પ્રોત્સાહન રૂપે રૂપિયા 10 હજારની સહાય પારડી પાલિકા દ્વારા આપવામાં આવી હતી. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશ પટેલ, પાલિકા પ્રમુખ ચેતન નાયકા, ચીફ ઓફિસર કોમલબેન, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ, મહામંત્રી અશોક પ્રજાપતિ, સદસ્યો, પાલિકાના કર્મચારીગણ, વિદ્યાર્થીઓ, સખી મંડળની બહેનો હાજર રહ્યા હતાં.

નારગોલ ગ્રામ પંચાયત સચિવાલયનું લોકાર્પણ કરાયું


ઉમેશ સોલંકી

ઉમરગામ : નારગોલ ગામ ખાતે ગ્રામ પંચાયત કચેરીના નવા મકાન (ગ્રામ સચિવાલય)નુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સરકારની કોમ્યુનિટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ ગ્રાન્ટ અંતર્ગત રૂપિયા 34.50 લાખના ખર્ચે મકાનનુ નિર્માણ કરવામાં આવ્યું છે. વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકર, નારગોલ ગામ પંચાયતના સરપંચ સ્વીટીબેન યતીનભાઈ ભંડારીના હસ્તે તથા જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શૈલેષભાઈ, ભાજપ જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લા, ભાજપ જિલ્લા મહામંત્રી કમલેશભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રભારી મુકેશભાઈ તિવારી, ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ડો નીરવભાઈ શાહ, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ વળવી, તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ વાળા, તાલુકા પંચાયત સદસ્ય ઉપેન્દ્રભાઈ માછી, ગામના આગેવાનો, ગ્રામજનોની વિશેષ ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવા મકાનના નિર્માણથી ગ્રામ પંચાયતની કામગીરી વધુ સુવિધાયુક્ત અને ઝડપી બનશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અને ગામના વિકાસ માટે આ એક મહત્વનું પગલું ગણાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનો સરપંચ સ્વીટીબેન ભંડારીએ આભાર માન્યો હતો.

ગણદેવી પાલિકાનો દિવાળી પર્વે સ્વદેશી મેળો


કેરસી-બારીયા

બીલીમોરા : દિવાળી પર્વની ઉજવણી નિમિત્તે ગણદેવી નગરપાલિકા દ્વારા બ્લોક હેલ્થ સેન્ટર પરિસરમાં ૭ દિવસીય સ્વદેશી મેળાનો પ્રારંભ કરાયો હતો. સ્વદેશી મેળાનું ઉદ્ઘાટન ગણદેવી પાલિકા પ્રમુખ અનિતા ભંડારી, ઉપપ્રમુખ રાજુ પટેલ, કારોબારી અધ્યક્ષ પિનાકીન પંડ્યા અને ચીફ ઓફિસર પ્રાચી દોશીના હસ્તે કરવામાં આવ્યું હતું. રામજી મંદિર સામેના મંડપમાં ૩૦ જેટલા સ્ટોલ પર સ્વદેશી ચીજવસ્તુઓ પ્રદર્શન અને વેચાણ માટે મૂકવામાં આવી છે. આ મેળામાં સખી મંડળોના હસ્તકલા ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનો, કટલરી, ડ્રેસ મટીરીયલ, તૈયાર કપડાં, વાંસની આઇટમો, વિવિધ નાસ્તા-ફરસાણ, ગરમ-ઠંડા પીણાં, મુખવાસ સહિતની અનેક વસ્તુઓ ગ્રાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. દિવાળીના તહેવારી માહોલ વચ્ચે મોટી સંખ્યામાં નગરજનો મેળાની મુલાકાત લઈ સ્વદેશી ઉત્પાદનોની ખરીદી કરી રહ્યા છે. આ મેળો સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી ખુલ્લો રહેશે, બાળકો માટે રાઈડ્સ પણ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ડો. હાર્દિક વૈદ્ય, હિરેન તલાવીયા, પ્રિયંકા હળપતિ, રોઝીના શેખ, ભરત રાઠોડ, કેયુર વશી, શૈલેષ પટેલ, કિંજલ ચૌધરી, દીપ્તિ પટેલ, ધવલ રાઠોડ, પ્રદીપ પટેલ, ભાવેશ ટીમ્બર, ધવલ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધોલાઈ બંદરે બોટમાંથી દરિયા પડી જતા ખલાસીનું મોત

બીલીમોરા : બીલીમોરા નજીક ધોલાઈ બંદરે બોટમાંથી દરિયાના પાણીમાં પડી ગયેલા ખલાસીનું મોત નીપજ્યું છે. ગણેશ તાનાજી મોરે (ઉ.૩૦ રહે નાદરખા) 30-10-2026 એ ડાયાભાઈ નારણભાઈ ટંડેલની ટ્રોલર બોટ GJ.15. MM.4118 આશાપુરીમાં ખલાસી તરીકે કામ કરી રહ્યા હતા. જેઓ ધોલાઈ બંદરે બોટમાંથી દરિયાના પાણીમાં પડી જતા તેઓની સાથે કામ કરનાર બળવંત કેશવભાઈ ટંડેલે તેમને પાણીમાંથી બહાર કાઢી બોટ ઉપર લાવ્યા હતા પણ તેમનો શ્વાસ થંભી ગયો હોવાથી બનાવની જાણ ગામના સરપંચ અને બોટ માલિકને કરતા ગણેશ તાનાજી મોરેને બીલીમોરાની મેંગુસી હોસ્પિટલમાં પીએમ માટે લઈ જવાયા હતા. આ કેસની વધુ તપાસ ધોલાઈ મરીન પોલીસના હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ નાનજીભાઈ કરી રહ્યા છે.

મુખ્યમંત્રીના આગમન પૂર્વે વલસાડમાં કલેક્ટર કચેરી સામેથી વર્ષો જૂના વાહનો હટાવાયા



■ મુખ્યમંત્રીના આગમન પહેલાં જ વલસાડ નગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું હતું. કલેક્ટર કચેરીની સામે આવેલા ખાલી પ્લોટમાં છેલ્લાં ઘણાં વર્ષોથી બિનવારસી હાલતમાં પડેલાં અને ધૂળ ખાતાં બાઇકોને પાલિકાની ટીમે તાત્કાલિક ધોરણે હટાવી લીધાં હતાં. વિઝિટના આગલા દિવસે જ સફાઇ અને વ્યવસ્થા જાળવવા માટે પાલિકા દ્વારા હાથ ધરાયેલી આ કામગીરી શહેરમાં ભારે ચર્ચાનો વિષય બની છે. મુખ્યમંત્રીના પ્રવાસને પગલે આસપાસના વિસ્તારને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે તંત્ર દ્વારા આ ઝડપી કાર્યવાહી કરવામાં આવી હતી.

ધરમપુરમાં ગાંજો વેચતા પકડાયેલી મહિલાને 10 વર્ષની સખત કેદ

એસઓજીએ પોલીસના દરોડામાં ૧.૬૬ કિલોગ્રામ ગાંજા સાથે ઝડપાયેલી મહિલા દોષિત સાબિત, સહ-આરોપી નિર્દોષ જાહેર

વલસાડ : ધરમપુરમાં ઘરમાંથી ગાંજાનો જથ્થો રાખી છૂટક વેચાણ કરવાના ચકચારી કેસમાં વલસાડની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે આરોપી મહિલાને કસૂરવાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને રૂપિયા એક લાખના દંડની સજા ફટકારી છે, જ્યારે અન્ય એક સહ-આરોપીને નિર્દોષ જાહેર કર્યો છે.

વલસાડ એસ.ઓ.જી. પોલીસ સ્ટાફે જુલાઈ ૨૦૧૯ દરમિયાન બાતમીના આધારે ધરમપુરના વાલોડ ફળિયામાં રહેતી સમીમબીબી ગુલામમીયા હુસેનમીયા શેખના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન તેના ઘરમાંથી ૧.૬૬૮ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજો, છૂટક વેચાણ માટેની પ્લાસ્ટિકની નાની પુડીઓ, રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ ઝડપાયો હતો. આ અંગે ધરમપુર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી સમીમબીબી તથા તેને ગાંજાનો જથ્થો પૂરો પાડનાર શિવકુમાર ઉર્ફે શિવા વાલેશ્વર રાઉત (રહે. ડુંગરા, વાપી) સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

આ કેસ વલસાડના સ્પેશિયલ જજ (NDPS) અને ચોથા એડિશનલ સેશન્સ જજ ડૉ. બી. કે. જાદવની અદાલતમાં ચાલ્યો હતો. સરકારી વકીલ ભરત પ્રજાપતિની દલીલો, સાક્ષીઓની જુબાનીઓ અને પુરાવાઓને ધ્યાને લઈ અદાલતે નોંધ્યું હતું કે નશીલા પદાર્થોની ગેરકાયદે પ્રવૃત્તિ સમાજ માટે ગંભીર છે અને આવા ગુનાઓમાં કડક સજા થવી જરૂરી છે.

અદાલતે આરોપી સમીમબીબી શેખને એનડીપીએસ એક્ટની કલમ હેઠળ દોષિત ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને રૂપિયા એક લાખના દંડની સજા સંભળાવી હતી, તેમજ દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદનો હુકમ કર્યો હતો.

બીજી તરફ, પુરાવાના અભાવે સહ-આરોપી શિવકુમાર ઉર્ફે શિવા રાઉતને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કર્યો હતો.

શાળાઓમાં વાલીઓના પ્રવેશ પર અંકુશથી ડાંગમાં રોષ

'ભારત આદિવાસી સંવિધાન સેના' અને વાલી મંડળ દ્વારા પરિપત્ર રદ કરવાની માંગ


ગિરીશ ભોયે

સાપુતારા : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા વિવાદાસ્પદ પરિપત્ર સામે ડાંગ જિલ્લામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી શાળાઓમાં સામાન્ય વાલીઓ, આગેવાનો તેમજ જાગૃત નાગરિકોના પ્રવેશ પર અંકુશ લગાવતા આ પરિપત્રના વિરોધમાં 'ભારત આદિવાસી સંવિધાન સેના' (ડાંગ જિલ્લો), વાલી મંડળ તથા સ્થાનિક નાગરિકો દ્વારા સુબીર મામલતદારને આવેદનપત્ર પાઠવીને પરિપત્ર રદ કરવાની માંગ કરાઈ છે.

આ આવેદનપત્ર સુબીર તાલુકા સેવા સદન ખાતે સંગઠનના ઉપપ્રમુખ સતિષ ગાયકવાડ તેમજ મહિલા મોરચાના પ્રમુખ રેખાબેન પવારની આગેવાની હેઠળ સુપરત કરવામાં આવ્યું હતું. આગેવાનોએ જણાવ્યું હતું કે, શાળાઓમાં બાળકોના શિક્ષણ, સુરક્ષા અને મધ્યાહ્ન ભોજન પર નજર રાખવી એ વાલીઓનો લોકશાહી અધિકાર છે. પ્રવેશ પરના આવા પ્રતિબંધોથી ગેરરીતિઓ અને શોષણ છુપાવવા માટે દોષિતોને રક્ષણ મળવાની આશંકા ઊભી થાય છે.

સંગઠને શાળાઓનું વાતાવરણ પારદર્શક રાખવાની અને વાલીઓ તથા સમિતિઓને દેખરેખના અધિકારો આપવાની માંગ કરી હતી. સાથે જ, વાલીઓ અને પત્રકારો માટે કડક નિયમો અને ચોક્કસ વિચારધારા ધરાવતા સંગઠનો માટે છૂટછાટ આપતા બેવડા ધોરણો અસ્વીકાર્ય હોવાનું જણાવી ચેતવણી અપાઈ હતી કે જો પરિપત્ર વહેલી તકે પાછો ખેંચવામાં નહીં આવે, તો રાજ્યભરમાં ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે.

ઉપપ્રમુખ સતિષગાયકવાડ અને મહિલા મોરચા પ્રમુખ રેખા પવારે જણાવ્યું હતું કે, જો સરકાર પરિપત્રને પાછો ખેંચવામાં કે રદ કરવામાં નહીં આવે, તો શાંતિપૂર્ણ પરંતુ ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે, આ વિરોધ પ્રદર્શનમાં રવિન્દ્ર સોડિયા, વિકાસ ગાંવિત સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વાપીમાં રૂપિયા ૪૮.૨૨ કરોડના ખર્ચે બનેલી ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ

નાયબ મુખ્યમંત્રી સંઘવી અને નાણાં મંત્રી કનુભાઈ સહિત મંત્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે



વાપી : રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂપિયા ૪૮.૨૨ કરોડના ખર્ચે નવનિર્મિત વાપીની ૧૫૦ બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે મંગળવારે બપોરે ૧ કલાકે લોકાર્પણ કરાશે. તેમની સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

આ પ્રસંગે મંત્રી નરેશ પટેલ અને મંત્રી પ્રફૂલ પાનસેરીયા ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે વાપીના મેયર દક્ષાબેન પટેલ અને સાંસદ તેમજ લોકસભાના દંડક ધવલ પટેલ ઉપસ્થિત રહેશે.

બપોરે ૨ કલાકે વાપીના કનુ દેસાઈ વીઆઈએ ઓડીટોરિયમમાં વલસાડ જિલ્લામાં કુલ રૂપિયા ૪૪૧ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાશે. જેમાં રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને મંત્રી નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલ અને દંડક ધવલભાઈ પટેલ તેમજ જિલ્લાના ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

કનુભાઈનું વાપી વિસ્તારના લોકો માટે મોટું યોગદાન



વાપીના લોકો માટે આ વિસ્તારના ધારાસભ્ય અને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈનું સૌથી મોટું યોગદાન આ સરકારી હોસ્પિટલ ગણી શકાય. આ પહેલા વાપીને મહાનગરપાલિકાની ભેટ આપી છે. જેના કારણે વાપી ઔદ્યોગિક નગરની સાથે હવે મહાનગર તરીકે માળખાકીય સુવિધા સાથે ગુજરાતમાં અગ્રણી શહેર બની વિકાસ કરી રહ્યું છે. વાપીમાં નેશનલ હાઇવે ઉપર મિનિ સિવિલ હોસ્પિટલ બનાવવા માટે કનુભાઈએ જે રીતે સતત ફોલોઅપ કરીને કાર્ય કરાવ્યું છે. તેનાથી અહીંના લોકો સારી રીતે માહિતગાર છે. આ હોસ્પિટલ આવનારા સમયમાં વાપી નહીં આખા પંથક માટે આશીર્વાદરૂપ સાબિત થશે. 150 બેડની સરકારી હોસ્પિટલ દિવાળી પહેલા આરંભ થઈ રહ્યો છે ત્યારે કનુભાઈની નિષ્ઠાપૂર્વકની આવા કામ કરવાની તત્પરતાએ ફરી એક વખત લોકોના હૃદયમાં સ્થાન મેળવ્યું છે તેની નોંધ લેવી જ પડે.

વાપીમાં અખબારના તંત્રી પર જીવલેણ હુમલો

વાપી : વાપીના ગીતાનગર રોડ પર આવેલા એવરસાઈન ટાવરમાં રહેતા અને અખબારના તંત્રી ક્રિષ્ના ઘનશ્યામભાઈ ઝા (ઉ.૨૯) પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે. ગત ૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજના સમયે ક્રિષ્નાભાઈ પોતાના ઓફિસનું કામ પતાવીને કાર લઈને રહેણાંક બિલ્ડીંગના પાર્કિંગમાં પહોંચ્યા હતા.

તેઓ કારમાંથી નીચે ઉતર્યા ત્યારે એક કાળા રંગની ગાડીમાં આવેલા વિજય ગુપ્તા, ગૌરાંગ માહ્યાવંશી ઉર્ફે ગુડ્ડુ તથા અન્ય ત્રણ શખ્સોએ તેમની સાથે બોલાચાલી કરી હતી. જુગારના કેસ અંગેના સમાચાર અખબારમાં ચલાવવાની અદાવત રાખીને આ શખ્સોએ ઉશ્કેરાઈ જઈ તંત્રી સાથે ઢીક્કામુક્કી કરી મારામારી કરી હતી.

આ બનાવ અંગે ભોગ બનનાર તંત્રી ક્રિષ્ના ઝાએ વાપી ટાઉન પોલીસ મથકે (૧) મુકેશ ઉર્ફે વિજય જીતુપ્રસાદ ગુપ્તા, (૨) ગૌરાંગ ઉર્ફે ગુડ્ડુ માહ્યાવંશી, (૩) સુરજ શર્મા તથા અન્ય બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પારડીમાં ઇલેક્ટ્રિક પોલ પર ચઢેલા મહાકાય અજગરનું રેસ્ક્યુ


અમૃત પટેલ

પારડી : પારડી કોલેજ રોડ પાસે ઇલેક્ટ્રિક પોલ પર એક અજગર ચઢી ગયો હતો. આ અંગેની જાણ પારડી જીવદયા ગ્રુપને કરતા પ્રમુખ અલી અન્સારીના માર્ગદર્શન હેઠળ સભ્યો યાસીન મુલતાની, વિશાલ ભરતીયા, રીશી ઠાકુર ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. જ્યાં જોતા વીજપોલ પર ચઢેલ મહાકાય અજગરને જોવા લોકોના ટોળા એકત્ર થઇ ગયા હતાં. જીવદયા ગ્રુપે કલાકની જહેમતે 10 થી 12 ફૂટ જેટલા લાંબા અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરતા ઉપસ્થિતોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ અંગે વનવિભાગને જાણ કરી અજગરને જંગલમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી હતી.

ડાભેલની હોટલ સિદ્ધાર્થના સંચાલકનું શંકાસ્પદ મોત

દમણ : સંઘપ્રદેશ દમણના ડાભેલની હોટલ સિદ્ધાર્થના સંચાલકનું શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજવા પામ્યું છે. 58 વર્ષિય હિમાંશુ ગોસ્વામી છેલ્લા 15 વર્ષથી ગુજરાતમાં રહેતા હતા અને છેલ્લા પાંચથી સાત વર્ષથી હોટલ સિદ્ધાર્થનું સંચાલન કરતા હતાં. ગઈકાલે સાંજે હિમાંશુ રૂમ નંબર 104 માં હાજર હતા. તે દરમ્યાન હોટલના સ્ટાફ સભ્યો રૂમમાં પહોંચ્યા ત્યારે તેમને ઊલટી થઈ રહી હતી. તેમની તબિયત લથડતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતા ડાભેલ પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ મામલે નોંધ કરી મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે. સાથે જ હોટલમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં હિમાંશુ ગોસ્વામીના મોત પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

Change of Name

In my Birth Certificate my name is stated as
DEV VIPUL JAIN
VIPULKUMAR SURESHBHAI JAIN (Father)
TINABEN VIPULKUMAR JAIN (Mother)
But in my School(Atul Vidyalaya) Record I am registered as
DEV VIPUL JAIN
VIPUL SURESHKUMAR JAIN (Father)
TINA VIPUL JAIN (Mother)
For all my future records the name that must be used in
DEV VIPUL JAIN
VIPUL SURESHKUMAR JAIN (Father)
TINA VIPUL JAIN (Mother)
Address- C601, Ishan Apt., Vashi Fliya, Halar, Valsad, Gujarat. 396001.

દાગીના હેવી લેવા હોય કે લાઈટવેટ દરેકનાં માટે પુષ્કળ વેરાઈટીઓ

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

મજુરી

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

R.A. Parikh 5.9%*

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.

Jewellers NX ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજે: વિજલપોર, તાલુકો: નવસારી શહેર, જીલ્લો: નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

ગામનું નામ	ખાતા નંબર	બ્લોક નંબર (નવો)	બ્લોક નંબર (જુનો)	પ્લોટ નંબર	જમીનનું ક્ષેત્રફળ ચો.મી.
વિજલપોર	૮૧૭૫	૩૯૩૨	૯૫/૫/૧	૩૯ પૈકી સબ પ્લોટ નં. ૧૩	૧૬૨.૮૫
	૮૧૭૫	૩૯૩૨	૯૫/૫/૧	૧૨	૧૬૨.૮૫

ઉપરોક્ત વિગત વાળી જમીન **નરેન્દ્ર મોરાર પટેલ** ની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. જે જમીન તેમના પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો, ગણોત હકક કે લેણું, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હીત-અધીકાર હોય તો તેમણે આજદિનથી દીન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી. અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨-૧૧-૨૦૨૬ મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101